RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઓખા-નાથદ્વારા ટ્રેનને કાયમી શરૂ કરી અમદાવાદ-હિમ્મતગનર-ઉદયપુર રૂટ ઉપર ચલાવવા માનનીય રેલ્વેમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

દ્વારકા સમગ્ર દેશ અને વિશ્વનું અતિ પવિત્ર યાત્રાધામ હોવા ઉપરાંત ચારધામ પૈકીનું એક મહત્વનું સ્થાન ધરાવતું સ્થળ ગણાય છે. લાખો યાત્રાળુઓ દર વર્ષે દ્વારકાધીશના દર્શને આવતા હોય છે. આ સંજોગોમાં દ્વારકાને દેશના અન્ય શહેરો તથા યાત્રાધામો સાથે રેલમાર્ગે જોડવાની તીવ્ર જરૂરીયાતને ધ્યાને લઈને ભારતીય રેલમંત્રાલય દ્વારા વિવિધ ટ્રેનો શરૂ કરવામાં આવે છે. એજ રીતે રાજસ્થાનમાં આવેલ નાથદ્વારા પણ અત્યંત ધાર્મિક મહત્વ તથા લાખો શ્રધ્ધાળુઓની આસ્થાના પ્રતિકરૂપ સમાન સ્થળ છે. આ બન્ને પવિત્ર યાત્રાધામોને રેલમાર્ગે જોડવા માટે રેલમંત્રાલય દ્વારા ઓખા-નાથદ્વારા સપ્તાહીક ટ્રેન દર બુધવારે ચલાવવામાં આવે છે. વર્ષો સુધી યાત્રાળુઓને લાભ આપતી આ સેવા અવિરતપણે ચાલુ છે.

તેમ છતાં તાજેતરમાં અમદાવાદ-ઉદયપુર વાયા હિંમતનગર વચ્ચેનો મીટરગેજ રૂટ બ્રોડગેજમાં રૂપાંરીત કરવામાં આવેલ છે. હાલમાં દોડતી ઓખા-નાથદ્વારા ટ્રેન વાયા રાજકોટ-અમદાવાદ-વડોદરા-રતલામ-માલવી જંકશન થઈને આશરે ૧૧૨૫ કિ.મી. અંતર કાપીને નાથદ્વારા પહોંચે છે. જયારે અમદાવાદ-ઉદયપુર વાયા હિંમતનગર રૂટ આશરે ૩૦૦ કિ.મી. જેટલું ઓછું અંતર ધરાવે છે. આ સંજોગોમાં ઓખ-નાથદ્વારા ટ્રેનનો પ્રવર્તમાન રૂટ વડોદરા-રતલામને બદલે અમદાવાદ-હિંમતનગ-ઉદયપુર રૂટ ઉપર સ્થળાંતરીત કરવામાં આવે તો લાખો મુસાફરોને ૩૦૦ કિ.મી. જેટલી મુસાફરી ટુંકી થશે તેમજ ટિકીટના દરમાં મોટો આર્થિક લાભ પણ પ્રાપ્ત થશે.

આમ મુસાફરોને વધુ સારી સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા DRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ઓખા-નાથદ્વારા ટ્રેનને અમદાવાદ-હિંમતનગર-ઉદયપુર રૂટ પર ચલાવવા તથા દર બુધાવારે સપ્તાહીક ચાલતી ટ્રેનને કાયમીના ધોરણે શરૂ કરવા માનનીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.